

બનાસકાંઠા ને અડીને આવેલ સ્ટેશન માઉન્ટ આબુ મા છેલ્લા ત્રણ દિવસથી પડી રહેલા ભારે વરસાદને લીધે જાણીતું નક્કી તળાવ ગતરોજ ઓવરફ્લો થતાં પ્રવાસીઓને સ્થાનિક જનોમાં આનંદ ઉલ્લાસનું મોજુ પ્રસરી ગયું હતું જ્યારે બે માસ અગાઉ કાળઝાળ ઉનાળામાં માઉન્ટ આબુ માં પાણીની ભારે તકલીફ લોકો વસતા હતા આબુરોડ થી માઉન્ટ આબુ પર પાણીના ટેન્કર નો ભાવ ચારથી પાંચ હજાર લોકોએ લોકોએ ચૂકવ્યો હતો જ્યારે મેઘરાજા મહેરબાન થતાં ચારે તરફ પાણી જ પાણી જોવા મળે છે માઉન્ટ આબુની પહાડીઓમાં આવેલા અનેક ઝરણાઓ ખળખળ વહેતા થતા પ્રવાસીઓ મજા માણી આનંદ વિભોર બન્યા હતા માઉન્ટ આબુના નક્કી લેક ની અલગ અલગ તસવીરોમાં છલોછલ પાણી દેખાય છે જ્યારે માઉન્ટ આબુની બજારમાં પ્રવાસીઓ વરસાદની મજા માણતા દેખાય છે

## પોશીના દંત્રાલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ની કોટ ની દીવાલ ઉપર વીજળી પડી

પોશીના વિસતાર આજે બપોર બાદ વરસાદી માહોલ સર્જાયો હતો હતો ત્યારે પોશીના તાલુકાના દંત્રાલ ગામે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર માં કોટની દીવાલ ઉપર આકાશી વીજળી પડતો ભારે ધડાકા સાથે કોટ ની દીવાલ ધરાશાયી થઈ ગઈ હતી જ્યારે બનાવ સ્થળથી ૫૦ થી ૬૦ ફૂટના અંતરે આવેલ પી.એચ.સી સેન્ટર માં તે સમયે આરોગ્ય સ્ટાફ તથા પેશન્ટ હાજર હતા જેનો સદનસીબે બચાવ થયો હતો જ્યારે બાજુમાં બાજુમાં જ આવેલ લેબસેનટર ના પંખા તેમજ માઈક્રોસ્કોપ મશીન બળીને ખાખ થઈ ગયા હતા.





સાબરકાંઠા જીલ્લા પોલીસ ધ્વારા સતત ૧૫ માં વર્ષે અંબાજી પગપાળા જતા પદયાત્રીઓ માટે હિમતનગરમાં પોલીસ હેડક્વાર્ટસ ખાતે ગુરુવારથી વિસામો શરુ કર્યો હતો જેમાં જીલ્લા પોલીસ વડા ચૈતન્ય માંડલિક એ આરતી કરી હતી તો ત્યારબાદ પીએસઆઈ કોમલ રાઠોડ સહીત અધિકારીઓએ જીલ્લા પોલીસ વડા સાથે પદયાત્રીઓને જમવાનું પીરસ્યું હતું.

## રતનપુર પાસે અનઅધિકૃત બમ્પને કારણે અકસ્માત થતા હોવાની રાવ

પાલનપુર તાલુકાના અંબાજી હાઈવે પર રતનપુર(મેરવાડા) પાસે અનધિકૃત બમ્પ બનાવેલ છે. જે બમ્પને કારણે અહીં છાશવારે અકસ્માતો સર્જાય છે. નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા નિયંત્રિત આ હાઈવે પર રતનપુર પાસે બમ્પ મુકાતા વાહનચાલકો ગફલતમાં રહેતા અકસ્માત સર્જાય છે. જેમાં નિર્દોષ માનવ જિંદગીઓ હોમાઈ રહી છે. ગતરોજ રતનપુર(મેરવાડા)પાસે એક ટ્રેક્ટર પલ્ટી ખાતા ૧ વ્યક્તિનું મોત નિપજ્યું હતું. આમ, બમ્પના કારણે અવાર-નવાર અકસ્માતો સર્જાય છે. ત્યારે ગેરકાયદેસર બનાવેલ બમ્પ દૂર કરાય તેવી માંગ જોર પકડી રહી છે.

# પાલનપુર પંથકમાં ભારે વરસાદી ઝાપટું અડધા કલાકમાં એક ઈંચ વરસાદ

### સાંઈબાબા મંદિર નજીક હાઇવે ઉપર પાણી ભરાતા વાહન ચાલકો અટવાયા : નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

પાલનપુર પંથકમાં ગત સાંજના સુમારે એકાએક વાદળો ગોરંભાયા હતા. જ્યાં અસહ્ય ઉકળાટ બાદ વીજળીના ચમકારા અને મેઘ ગર્જના તેમજ ભારે પવન સાથે વરસાદ તૂટી પડ્યો હતો. અડધો કલાકમાં પડેલા ભારે વરસાદી ઝાપટામાં ૧ ઈંચ વરસાદ ખાબકતા શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. પાલનપુરની બ્રિજેશ્વર કોલોની તથા આબુ હાઈવે પર સાંઈબાબા મંદિર નજીક પાણી ભરાઈ જતાં વાહન ચાલકો અટવાઈ ગયા હતા.

બનાસકાંઠામાં ભાદરવા મહિનામાં વરસાદી માહોલ જામ્યો છે. જ્યાં છેલ્લા ત્રણ દિવસથી પૂર્વ પંથકમાં હળવાથી ભારે વરસાદી ઝાપટા પડી રહ્યા છે. ત્યારે ગત સાંજના સુમારે પાલનપુરના પંથકમાં એકાએક મેઘરાજાની તોફાની પધરામણી થઈ હતી. જ્યાં વીજળીના ચમકારા અને મેઘ ગર્જના તેમજ પવન સાથે વરસાદ તૂટી પડ્યો હતો. અડધો કલાક સુધી પડેલા ભારે વરસાદી ઝાપટાના પગલે પાલનપુર- આબુ હાઈવે ઉપર સાંઈબાબા મંદિર નજીક પાણી ભરાઈ જતાં વાહન ચાલકો અટવાઈ ગયા હતા. એક કલાક સુધી માર્ગ બંધ રહ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, અહીંયા તંત્ર દ્વારા પાણી નિકાલ માટે કોઈ કાર્યવાહી કરવામાં આવતી ન હોઈ લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તેવી જ રીતે પાલનપુરના મફતપુરા વિસ્તારમાં પણ પાણી ભરાઈ જતાં રહીશો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા.

પાલનપુરમાં અડધા કલાકમાં એક ઈંચ વરસાદ ખાબકતા કરોડો રૂપિયાના ખર્ચે બ્રિજેશ્વર કોલોનીમાં વરસાદી પાણીના નિકાલની કામગીરી બાદ પણ રોડ પર પાણી ભરાતા સ્થાનિક લોકો સહિત વાહન ચાલકો અટવાયા હતા. જયારે ભારે વરસાદને પગલે શહેરના કીર્તિસ્થંભ, સીટીલાઈટ રોડ, સિવિલ હોસ્પિટલ સહિતના નીચાણવાળા વિસ્તારોમા પાણી ભરાતા પાલિકાની પ્રિ-મોન્સૂન પ્લાનની પોકળતાનો પર્દાફાશ થયો હતો.

### ભૂસ્તર વિભાગનો સપાટો...

## થાવર અને ઝેરડાથી રેતી ભરેલા ૮ ડમ્પર ઝડપાયા, ૨૦ લાખનો દંડ વસુલ કરાયો

ડીસા

બનાસકાંઠા જિલ્લા ભૂસ્તર વિભાગની ટીમે ધાનેરાની થાવર ચેકપોસ્ટ અને ઝેરડા ગામ પાસેથી રોયલ્ટી ભર્યા વિના દોડતા રેતી ભરેલા ૮ ડમ્પર ઝડપી પાડી ૨૦ લાખનો દંડ વસુલ કર્યો હતો. જિલ્લામાં વહેલી સવારે રેતીનું બિન અધિકૃત રીતે વહન થતું હોવાની મળેલી બાતમીના



આધારે ભૂસ્તર અધિકારી સુભાષ જોષી અને મીત પરમાર, શ્રી ગઢવી, મેહુલ દવે સહિતની ટીમે વિવિધ સ્થળે આકસ્મિક તપાસણી હાથ ધરી હતી. જેમાં થાવર ચેક પોસ્ટ અને ઝેરડા ગામ પાસેથી રોયલ્ટી ચૂકવ્યા વગર રેતીનું વહન કરતા આઠ ડમ્પર ઝડપી પાડ્યા હતા જે ડમ્પર સહિતનો ૩ કરોડનો મુદ્દામાલ કબજે લઈ ૨૦ લાખનો માતબર દંડ વસુલ કર્યો હતો.ભૂસ્તર વિભાગના આ સપાટાથી રેત માફિયાઓ ફફડી ઉઠ્યા છે.

### ગણેશ ચતુર્થી નિમિત્તે દેવપુરાના ગ્રામજનોએ

# માતૃ-પિતૃ પૂજન કરી સમાજને નવો રાહ ચીંધ્યો

અત્યારની નવી પેઢી માતા-પિતાનો આદર કઈ રીતે કરવો અને સંસ્કાર કોને કહેવાય તે ભૂલી ગઈ છે. અને માત્ર પશ્ચિમી સસ્કૃતિ તરફ વળી છે.ત્યારે દેવપુરા ગામના રહીશોએ ગણેશ ચતુર્થી નિમિતે માતા-પિતાની પૂજા કરી સમાજને એક નવી રાહ ચીંધી છે.

પાલનપુરના દેવપુરા ગામના રહીશોએ ગણેશચતુર્થીના દિવસોમા માતા-પિતા ની પૂજા કરી આરતી ઉતારી સમાજના લોકોને એક પ્રેરણા પુરી પાડી હતી. જેમ ગણેશજીએ પોતાના માતા પિતા ભગવાન શિવ અને માતા પાર્વતીની પ્રદક્ષિણા કરી હતી એ પ્રદક્ષિણા દુનિયાની પ્રદક્ષિણા કર્યા સમી હતી. અને પ્રથમ પૂજનીય દેવ બન્યા હતા. ત્યારે દેવપુરા ગામના ઈશ્વરભાઈ ને એવો વીચાર આવ્યો કે આપણે પણ ગામના વડીલોનું સન્માન કરવું જોઈએ. ત્યારે ગામના ૧૨૦ પરિવારજનોએ પોતાના માતા-પિતાને ગણેશચતુર્થીના દિવસે ખુરશીમાં બેસાડી અને પરિવારએ તેમની ચરણોમાં બેસી વડીલોના પગ ધોયા હતા અને પૂજા આરતી કરી પ્રદક્ષિણા કરી હતી.અને દુનિયાની યાત્રા કરી હોય તેટલું પુણ્ય મેળવ્યું હતું.



# વરસાદના આગમન સાથે ૧૦થી વધુ ગામના પ્રજાજનો ચિંતામાં સરી પડે છે

## વર્ષોથી વાંધામાંથી જીવન જોખમે પસાર થતા મુલોજ-નહેરુ કંપાના ગ્રામજનો

ગતિશીલ ગુજરાત મોડેલને દેશભરમાં તોડી મરોડીને રજુ કરવામાં આવે છે. ગતિશીલ ગુજરાતની વાતો કરતા નેતાઓ થાકતા નથી. અરવલ્લી જીલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં ગુજરાતના વિકાસની ગુલબાંગો હાંકતા નેતાઓએ એકવાર ડોકિયું કરવાની જરૂર છે અનેક ગ્રામ્ય વિસ્તારો પ્રાથમિક સુવિધાથી આઝાદીના ૭૨ વર્ષ પછી પણ જોજનો દૂર છે.

મોડાસા તાલુકાના મુલોજથી નહેરુંકંપા, ડોક્ટરકંપા સહીત ૧૦વધુ ગોમોને જોડાતો માર્ગ આઝાદીના ૭૨ વર્ષ વહી જવા છતાં ન બનતા દર વર્ષે ચોમાસાની ઋતુ શરુ થતાની સાથે પ્રજાજનોમાં અજંપાભરી ચિંતાની લકીરો તણાઈ જાય છે. ૩૫ વર્ષ અગાઉ આ માર્ગ મંજુર થયો હતો અને કોન્ટ્રાકટરે કામગીરી શરુ કરી મેટલ પથારી દઈ કામ અગમ્ય કારણોસર અધૂરું છોડી દેવામાં આવ્યું હતું જે આજદિન સુધી પૂર્ણ ન થતા વાંધામાંથી પસાર થવું પડે છે. ચોમાસાની ઋતુમાં ઉપરવાસમાં વરસાદ થતા મેશ્વો નદીમાં પાણી આવતા આ વાંધામાં પણ પાણી આવી જતા રસ્તો બંધ થઈ જાય છે. સામાન્ય વરસાદમાં વાંધામાં પાણી વહેતા શાળામાં અભ્યાસઅર્થે જતા વિદ્યાર્થીઓ અને કામકાજ અર્થે જનાર પ્રજાજનો જીવન જોખમે પસાર થવા મજબુર બને છે. બીમાર દર્દીઓ તો સારવાર વગર મહામુસીબતમાં મુકાતા હોય છે.

જીલ્લા કલેક્ટર, મંત્રીથી લઈ સંત્રી અને ગાંધીનગરમાં મુલોજ-નહેરુ કંપા વચ્ચે રસ્તો બનાવવા વારંવાર રજુઆત છતાં કોઈ નિરાકરણ ન આવતા પ્રજાજનોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. ગામ લોકોના જણાવ્યા અનુસાર વણીયાદ તરફ અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓ, પશુ પાલકો અને ખેડૂતો ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. પુલ બનાવવા વહીવટીતંત્ર પાસે માંગ ઉઠી છે અને મુશ્કેલીનો અંત નહીં આવે તો ઉગ્ર આંદોલન છેડવાની ચીમકી ઉચ્ચારી છે.





